જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૧/૨૦૧૭ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-**

## માધુપુરા પેટ્રોલપંપ પર થયેલ રૂ.૧,૯૦,૦૦૦/- ની ચોરીમાં રીઢા ઘરફોડ ચોરને પકડી ગુનાનો ભેદ ઉકેલતી સાયબર ક્રાઇમ સેલ ક્રાઇમ બ્રાંચ અમદાવાદ

સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાંચ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમબ્રાન્ચ, અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી,સાયબર ક્રાઇમ સેલ અમદાવાદ શહેર નાઓની સુચનાથી તેમજ પો.ઇન્સ.શ્રી જે.એસ.ગેડમના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ. જે.એમ.જાડેજા તથા પો.સ.ઇ. ડી.જે.જાડેજા નાઓ સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં મિલકતસબંધી ગુનાઓ શોધવા સારૂ પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન પો.કો. સરફરાઝ ઇસ્માઇલભાઇ તથા પો.કો. દેવેન્દ્રસિંહ શિવનાથસિંહ નાઓને મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે આરોપી અનિલ @ મોન્ટુ @ ખવખવ દિપકભાઇ ચુનારા ઉ.વ.૨૯ રહે. અંકુર ગલી બિગબઝારની સામે રાયપુર ગીતામંદીર અમદાવાદ નાને શ્રીરામ હોટલ અંકુરગલી ખાતેથી તા.૨૫/૦૧/૨૦૧૭ ના કલાક ૨૦/૦૦ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧) એ મુજબ પકડી અટક કરવામાં આવેલ છે.

પકડાયેલ આરોપીની પુછપરછ કરતા જણાવેલ છે કે, પોતે તથા પોતાનો મિત્ર રાજ @ ચાઇના કોષ્ટી રહે. બાલા હનુમાન મંદીર પાસે ખાડીયા ની સાથે મળી આજથી દોઢેક માસ અગાઉ માધુપુરા નમસ્કાર સર્કલ પાસે આવેલ પેટ્રોલપંપ ખાતે રાતના સમયે ગયેલા અને પેટ્રોલપંપની ઓફીસમાં ધુસી કેશ ડ્રોઅરમાંથી રૂ.૧,૯૦,૦૦૦/- ની ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ. જે અંગે તપાસ કરતા માધુપુરા પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં.૯૮/૨૦૧૬ ઇપીકો કલમ ૪૫૭,૩૮૦ મુજબનો ગુનો નોંધાયેલ છે.

આરોપીએ પુછપરછ દરમ્યાન પોતાના મિત્ર રાજ @ ચાઇના કોષ્ટી સાથે મળી છેલ્લા ૬ માસ દરમ્યાન બીગ બઝાર મોલ કાંકરીયા ખાતેથી ત્રણ જોડી કપડાની ચોરી કરેલ હોવાનું તથા રીલાયન્સ મોલ શાહીબાગ ખાતેથી કપડાંની ચોરી કરેલ હોવાનું તથા શાહઆલમ ટોલનાકા ખાતે આવેલ ગરીબ આવાસ યોજનાના મકાનમાંથી બે મોબાઇલ ફોન તથા રોકડા રૂ. ૮૦૦૦/- ની ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે.

પકડાયેલ આરોપી અનિલ @ મોન્ટુ અગાઉ સને ૨૦૦૨ તથા સને ૨૦૦૮ માં કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ઘરફોડ ચોરીના ગુનામાં પકડાયેલ અને પાસા થતા સુરત જેલ ખાતે પાસા કાપેલ છે. આરોપી બે માસ અગાઉ એલિસબ્રિજ પો.સ્ટે.માં રૂ.૩,૯૦,૦૦૦/- ની ઘરફોડ ચોરીના ગુનામાં પકડાયેલ અને ઉતરાયણ પહેલા જ જેલમાંથી છુટીને આવેલ છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)